ચંદ્રગુપ્ત નાટકના ગાયનો.

રચી પ્રસિદ્ધ કરનાર.

મગનભાઇ નાથાભાઇ પટેલ.

નડિઆદ કાકરખાડ.

આવૃત્તિ ૧ લી.

—:*:—

અમદાવાદ ગુજરાત ગેઝેટ પ્રેસ.

અને

પેટલાદ "પારસમણી" પ્રેસમાં છાપ્યું.

સંવત. ૧૯૫૩ સને ૧૮૯૭

કીંમત રૂ. ૦-૨-૦

ચંદ્રગુપ્ત નાટકના ગાયનો.

રચી પ્રસિદ્ધ કરનાર.

મગનભાઇ નાથાભાઇ પટેલ.

નડિઆદ કાકરખાડ.

આવૃત્તિ ૧ લી.

અમદાવાદ ગુજરાત ગેઝેટ પ્રેસ.

અને

પેટલાદ "પારસમણી" પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૫૩ સને ૧૮૯૭.

કીંમત રૂ. ૦-૨-૦

મુખ્ય પાત્રોનાં નામ.

ચંદ્રગુપ્ત........મગધનો અનૌરસ રાજકુંવર. વિજયા અને જયાનો પ્રિતમ. પાછળ મગધ દેશનો મહારાજા.

ચશર્મા...........મગધ દેશના નંદવંસનો છેલ્લો રાજા.

પોરસ..........પંજાબ દેશનો રાજા.

સિકંદર..........ગ્રિસ દેશનો મહાન પ્રતાપી રાજા.

સેલ્યુકસ..........એશીયાના કેટલાએક ભાગનો રાજા.

ધ્રુવરાજ
મહાનરાજ } ....પોરસના પુત્ર.

એન્ટિઓક્ષ.....સેલ્યુકસનો પુત્ર.

મેઘાસ્થનેસ......સેલ્યુકસનો એલચી.

ચાણાક્ય.......ચંદ્રગુપ્તનો પ્રધાન.

બીજલો...........સીંગાપુરનો ભરવાડ.

વિજયા.... ....ચશર્માની પુત્રી. ચંદ્રગુપ્તની રાણી.

જયા..............સેલ્યુકસની પુત્રી. "

ચંપાવતિ..........પોરસની રાણી.

સુસીલા............ધ્રુવરાજની સ્ત્રી.

ચંદ્રાવતિ..........મદનરાજની સ્ત્રી.

એન્ટએલા.........સેલ્યુકસની રાણી.

સીરિલા...........જયાની દાશી.

રૂખલી...........સીંગાપુરની ભરવાડણ.

આ સિવાય સાહેલીઓ, કંચનીઓ, ઓમરાવ વગેરે, દરબારીઓ, અધિકારીઓ, સિપાઈઓ, સૈનિકો, માંડલીક રાજાઓ, ચોર સાકો, ભીલડાંઓ, વગેરે.

ચંદ્રગુપ્ત નાટકનો સાર.

વિજયા પોતાની સાહેલીઓ સાથે બગીચામાં રમતાં કામાતુર થાય છે, ચંદ્રગુપ્તના આવવાથી તેની સાથે પ્રેમવશ થાય છે. સાહેલીઓએ સિપાઇઓને મોકલવાથી ચંદ્રગુપ્ત પકડાય છે.

ચંદ્રગુપ્તને પકડી ન્યાય સભામાં લઇ જાય છે. ત્યાં તેને દેશ નિકાલની સજા થાય છે.

વિજયા ચંદ્રગુપ્તને જતો અટકાવવા આવે છે ચંદ્રગુપ્ત અને વિજયા આખરે એકમેકની વિંટી બદલી જુદાં પડે છે.

પોરસની રાજસભામાં ચંદ્રગુપ્ત આવે છે. મગધનું રાજ્ય મેળવવા ખટપટ કરે છે. પોરસ તેનાપર રાજી થાય છે. રૈવત સિકંદર શાહના આવવાની ખબર લાવે છે.

રૂપાળી ભરવાડણને તેના ધણીના મારથી નાસી જવાનો વિચાર થાય છે પોતાના વાસમાંથી નાશી જઇ સિપાઇઓને જઇ મળે છે. તેઓ તેને છાવણીમાં લઇ જાય છે.

પોરસ અને સિકંદર શાહનું જેલમ નદીને કિનારે દારુણ યુદ્ધ થાય છે. તેમાં પોરસનો પુત્ર મદનરાજ રણમાં પડે છે. પોરસ પંડે હાર ખાવાથી પકડાય છે.

અંક ૨ જો.

પોરસને પકડીને સિકંદર પાસે લાવે છે. સિકંદર તેનાપર [illegible]

થાય છે. અને તેના બળથી રાજી થઇ તેનું રાજ્ય પાછું સોંપે છે. એવામાં ચંદ્રગુપ્ત મગધનું રાજ્ય લઈલેવા સિકંદરને વિનંતી કરવા આવે છે. સિકંદર તેનાપર કોપાયમાન થાય છે. અને પૌરસ તેને પોતાના રાજ્યમાંથી કાઢી મુકે છે. રૂખલીને તેની ખરાબ ચાલથી નાશી જવું પડે છે.

ભરવાડ બીજલો સ્ત્રી નાશી જવાના દુઃખથી શોકાયમાન થાય છે. ચંદ્રગુપ્તની સાથે પરદેશ જવા તૈયાર થાય છે.

ચંદ્રગુપ્ત વનમાં દિલગીરી અવસ્થામાં નિંદ્રાવશ થાય છે. ચોર લોકો આવીને તેના હાથની વિંટી કાઢી લે છે. બીજલાએ તે જણ્યા-થી વિંટી પડાવી લઇ પોતાની પાસે રાખી તે દરમિયાન ચંદ્રગુપ્ત જાગે છે. અને ચોર લોકો, તથા ભરવાડની સહાય લઇ મગધનું રાજ્ય લેઇ લેવા ત્યા વીરહીણી વિજયાને સહાય કરવા નીકળે છે. એ-વામાં ચાણાક્ય નામે વાણીઓ આવે છે. બાદ બીલ લોકો પણ આવી મળવાથી પાટલી પુત્ર (પટણા)ને રસ્તે ચાલી નીકળે છે.

ચાણાક્યના ચતુરાઇથી રાજ દરબારીઓ ચશર્માને પદભ્રષ્ટ કરી ચંદ્રગુપ્તને ગાદી આપવા કબુલ કરે છે.

ચશર્માને પદભ્રષ્ટ કરી ચંદ્રગુપ્ત ગાદી મેળવે છે. ચાણાક્યને પ્રધાન પદ આપે છે. વિજયાને પોતાની સમક્ષ બોલાવી પરણવાનું કહે છે વિજયા વિંટી સિવાય પરણવા ના કબૂલ કરે છે. તેથી ચંદ્રગુપ્ત ગુસ્સે થઇ તેને પોતાના રાજ બહાર કાઢી મૂકવા હુકમ કરે છે.

વિજયા રૂખલી ભરવાડણ સાથે વિદેશ નિકળી પડે છે. વનમાં તે દુઃખના ભારથી જમીનપર ઢળી પડે છે. પૌરસની રાણી ચંપાવતિ [illegible] ગએલાં. ત્યાંથી પાછાં આવતાં આ સુકોમળ બાળાને વનમાં

એકલી અને વળી તે મુર્છીત અવસ્થામાં જોઇ દયાવાન થઇ તેને ઉઠાડે છે. અને તેને પોતાને ત્યાં લઈ જાય છે.

પોરસનો પુત્ર ધુવરાજ રૂપસીના કહેવાથી વિજયાના રૂપપર મોહીત થઇ તેને પરણવાનો વિચાર કરે છે. તેની સ્રી સુસીલા તે બાબત સમજાવે છે. પરંતુ તેની મનોવૃતિ તે કબુલ કરી શકતી નથી.

વિજયા શોક કરે છે ત્યાં ધૃવરાજ જઈ તેને પોતાની સાથે પરણવાનુ કહે છે. સમય સૂચકતા વાપરી તે વખતે વિજયા તેની સાથે પરણવા કબૂલ કરે છે.

સેલ્યુકસ ચંદ્રગુપ્તને તેડવા સારૂ પોતાના મેઘાસ્થનેસ નામે એલચીને મોકલે છે.

ચંદ્રગુપ્તને સ્રી નહી હોવાનો શોક કરે છે એવામાં મેઘાસ્થનેસ આવે છે, અને પોતાની સાથે આવવા વિનંતી કરે છે. તેથી ચંદ્રગુપ્ત પોતે એકલો તેની સાથે જાય છે

અંક ૩ જો.

સેલ્યુકસે ચંદ્રગુપ્તનુ બરાબર સન્માન કર્યું નહી તેથી કરીને ચંદ્રગુપ્ત ગુસ્સે થાય છે. સેલ્યુકસ રાજી થઇને તેને પોતાની પાસે એ સારી સારીતે માન આપે છે. બંન્નેના રાજ્યની વહેંચણુ કરી સિંધુ નદિ સુધી તેની હદ નક્કી કરે છે. બીજા મુલક એક બીજાને વેચાણુ આપેછે.

ચંદ્રગુપ્તને જોઇ સેલ્યુકસની પુત્રી જયા મોહીત થાય છે સીરિસા દાસી તેને દીલાસો આપે છે. પાછળથી સેલ્યુકસને સીરિસા જયા કુમારીનું દુઃખ વિદિત કરે છે.

વિજયા અંબાજી માતાના સ્થાનપર પુજન કરવા સારૂ આવેલ છે. એ લાગ જોઈ યુવરાજ તેની પછવાડે ત્યાં આવી તેને પજવે છે. વિજયા ઘણી આનાકાની કરે છે. પણ આ મોદાંધ માણસ પોતાની હઠ છોડતો નથી. તેથી તેને શ્રાપ દેછે. પાછળથી ચંદ્રગુપ્ત આવી યુવરાજને મારે છે. અને વિજયાને પોતાની સાથે લગ્ન કરવા કહે છે. પરંતુ વિંટી સિવાય તે તેને સ્વિકારતી નથી.

ચંદ્રગુપ્તને માર્ગમાં બીજલો મળે છે. તે પોતાની પાસેની વિંટી ચંદ્રગુપ્તને આપે છે.

પોરસની પાસે યુવરાજને માર્યા બદલ ચંદ્રગુપ્ત માફી માગે છે. પાછળથી વિજયા આવે છે અને વિંટી હોવાથી ચંદ્રગુપ્તને પોતાનો દેહ અર્પણ કરે છે.

પોરસ પુત્રના મરણથી શોકાતુર થઈ ચંદ્રગુપ્તને પોતાનું રાજ્ય સોંપી વનમાં જવાનો વિચાર કરે છે.

જયાં કુમારી પરણાવવા સારૂ મેગાસ્થનેસ સેલ્યુકસ ચંદ્રગુપ્ત પાસે મોકલે છે.

મેગાસ્થનેસ ચંદ્રગુપ્તને કારણ સહિત લઈ જવા વિનંતી કરે છે. સર્વ સમાજ સાથે ચંદ્રગુપ્ત જાય છે.

ચંદ્રગુપ્ત વિજયા પાસે રજા લેવા જાય છે. વિજયા ખુશી થઇ રજા આપે છે.

ચંદ્રગુપ્ત અને જયા પરણે છે સેલ્યુકસ કન્યાદાન આપી તેઓને વિદાય કરે છે.

ચંદ્રગુપ્ત પોતાની સ્વભૂમિપર આવી જયા ને વિજયા સ્ત્રી સાથે ભરતખંડનો ચક્રવર્તિ રાજા થાય છે. અહીં આ ખેલ પૂર્ણ થાય છે.

આ નાટકમાં કેટલાંએક ગાયનની તરજો નવી કલ્પનાથી ઘડી કાઢી દાખલ કરી છે.	}	ગ્રંથ કર્તા. મગનભાઇ નાથાભાઈ પટેલ.

૬૮૮૧



ચંદ્રગુપ્ત નાટકના ગાયનો.

ॐ

नारायणा नमो नमः

અંક ૧ લો.

૧

મંગળાચરણ.

સોરેપાચો—સહાય કરો પ્રભુ દીન સેવકને.

તન મન ધનથી નમીએ તમને.

આપો આશીષ પ્રિતીથી અમને. સહાય.

મગધ દેશનો રાજવી કહીએ, નામ ચંદ્રગુપ્ત પ્રિતીથી લહીએ;

સોભાગ્યો વિજયા કુંવરી મળી ને; સુખગામી, દુઃખવામી, પડીભાગી,

પ્રિતથી, રીતીથી, નીતિથી; નિતનિત પ્રભુજી ભજીએ તમને—સહા૦

નંદરાયને મારીને પતે, નેગની જયને વિજયા આંતે;

ખ્યાતિ પામ્યો વિશ્વ અનંતે; ભયહારી, સુખધારી, દુઃખટાળી;

મોરારી, અઘહારી, ઉભારી, ખરા દિલથી સહુ નમીએ તમને—સહા૦

વિજયા—સાહેલીઓ ૨

ચાલો ચાલોને પુરમાં જઇએ
ખીલ્યા વસંતમાં કેમ રહીએ.
સજની સહુ ટોળે મળી, દુઃખ થયાં સહુ દૂર.
રમત ગમતથી માહરૂં, સ્થિર થયું છે ઉર.
ખીલ્યાં પુષ્પ અતિ આપે છે આનંદ, એવા આ ઉપવનની માંહે
રમીએ આપણે રે— ચાલ ચાલો (૨) ચાલોચાલોને.
સણગારો અંગે ધર્યા, નખશીખ સુધી જેહ.
તેથી કરો સખી આપણી, શશી સમ શોભે દેહ.
સખિ રૂપ એક એકથી અધિક છે રે, તેથી શોભે છે આ નૌતમ
રૂડો બાગ— ચાલ ચાલો (૨) ચાલો ચાલોને
સણગારો શુભ બાગ આ, બાળે છે મુજ કાય.
લાયક ઉમર થઇ ગઈ, જોબન રસ ઝલકાય.
લટકે, મટકે, રસને ચટકે, પતિ વિન બની હું ઘેલડી. [૨]
ચાલ ચાલો (૨) ચાલો ચાલોને
મહેર કરો મુજ ઉપરે, નિરાધાર આ બાળ.
મેળવ પ્રભુ મુજને હવે, નહીં તો થાશે કાળ.
મુને રઢીયાળો વાલો આપો શ્રી જગપતિ હો રાજ, વેગા
વિતે હવે મહારાજ ચાલ ચાલો [૨] ચાલો ચાલોને.

વિજયા— ૩

વિરહ લાય અતિ થાયે, મુજ જીવ બહુ ગભરાયે. અરે હાં (૩
દિશવન સમો આ બાગ, બળે છે આગ, નથી કંઇ લાગ;
પડું કુપ માંહે— વિરહ.

જોઈ શરીરના શણુગાર, અરે આવાર પીડે છે આવાર.
કરો કોઈ સાયે. વિરહ.

ચંદ્રગુપ્ત— ૪.

કોણ બાળા રડે છે આ બાગ. (૨)
શત્રુને સંહાર, ઉગારૂ, આવારી, દિલધારી, દુઃખકારી.
કોણે ધર્મ પર દીધો પાગ— કોણ.
જાણી જાણી હું આવાર પાપીને હું મારૂં ઠાર;
દુઃખીઓ દિસે છે નાર,
દિલમાં વિચારૂં, વિસારૂં, લગારે, આવારે, શુ ધારે.
શું પીડે છે પાપી અથાગ— કોણ.

વિજયા— ૫

ધન્ય ઘડી આ દિન આજે, લાગે શુભકારી.
લાગે શુભકારી જોઇ જાણી વારી વારી. ધન્ય.
ઉલ છબીલો દીસે છે આ ભાગ્યવંત પુરો.
શા માટે વિલંબ કરૂં, થાઉ પ્રાણ પ્યારી. ધન્ય.

ચંદ્રગુપ્ત—શુ વદો છો વેણ બાળા, આવું હે કુમારી.
આવું હે કુમારી બાળા, લાગે દુઃખકારી. શુ વદો
મુકીદે મુજને આ સમે તું કેમ થઇ છે ઘેલી.

વિજયા—પ્રિતેથી પધારી પ્યારા, કરો છો આભારી. ધન્ય.

સિપાઇઓ— ૬

અરે અહીં અહીં ઉભો છે આવાર.
મારી માર કરો એને અતિશે ખુવાર. અરે

ચંદ્રગુપ્ત મારે મારે શું વાત કરીએ નથી જોયા મુજ હાથ.

હરખાશો, પસ્તાશો પછીથી કરો વિચારી વાત.

સિપાઈઓ—બુદ્ધિ શું બગડી ગઈ છે તારી,

ગઈ શુભ મતિ ક્યાં તું મનમાં વિચાર- અરે.

વિજયા—પ્રાણાધારા, થાઓ ન્યારા, દિલધારા, નહી પ્યારા,

પ્રિયા મારા, દુઃખ થાયે અપાર અપાર અરે.

ચંદ્રગુપ્ત— ૭

ડરાવું, મરાવું, કરાવું, ગુમની વાત શું હવે.

પાપી આજ તારો કાળ, જાણતો નભુને બાળી,

કાપી બેસવાની ડાળ; ટાપી આળ, ધારી કાળી,

ચીત માંહી લાગી જ્વાળ; અપાર, આવાર;

લગાર, વિચાર, પણ વિરહ હવે- ડરાવું.

વિજયા- ૮

પ્રિતે આવ્યો પુરમાંય; પ્રિતમજી પ્રિતે આવ્યો પુરમાંય.

ચંદ્ર-કેમ સુંદરી આવી આંય; રસીલી પ્રિતે જાઓ પુરમાંય

વિ-પ્યારા થાય અતિ અન્યાય; પ્રિતમજી પ્રિતે૦

પ્રાણજ જાએ, નહિ રહેવાએ; વિરહ વન્હિ હૃદયને બાળે;

દુઃખ નહી સહેવાય પ્રકાળે,

ચંદ્ર-શાને બાળા પ્રેમ ધાવ તું મારે,

વિ-પ્યારા આ દાસી આપ આધારે; (પ્રાણપતિ પુરમાં આવો મારા પિતાને હણીશ.)

દુઃખી એટલી નવ રહેવાય-પિયુ— પ્રિતમજી.

વિરહે બળતી, ચીત્તમાં જલતી; બાગ વિષે પ્રભુ આપે પધારો,
દીન દાસીને કીધી આભારી,

ચંદ્ર- શાને દુઃખી થાય છે પ્રિય મારી, રહેને મનમાં ધિર-
જ ધારી.

ચિ-ત્યારે પ્રાણપતિ મને સાથે લ્યો, દીનને દુઃખી નહીં કરો
આતું સાચ રહ્યું નહીં આંય—તોતો--પ્રિતમજી.

કાંગનીઓ— ૯

સખી ઝાંઝર તણો ઝમકાર કરો.
મહા નૃપ પૌરસ તણું ચિત્ત હરો.
અર્ધ ગોળ થઇ, કટી વાંક કરો.
પડી કુદે હવેથી સખી ફેરા ફરો.
હા—બે—ની—હા- સખી.
દ્વિય ભાગ કરી, બને પાસ મળી.
હવે નૃત્ય દેખાડો નહીં વાર કરો.
હા—બે—ની—હા- સખી.

ચંદ્રગુપ્ત- ૧૦

અરે અહીં કામ થશે સિદ્ધ આજ. (૨)
નાચી બેઠે હું પૌરસ પાસે, દુઃખ મારું સહુ દુરજ થાશે.
લેવાતું હું એનું રાજ.- અરે.
વ્યાપીશું અતિશે ઝેર, મારે લેવું એનું વેર;
નક્કી થશે મમ કાજ- અરે.
કોના અગાડી કહું ઇશ્વરનું, દાદ સુણે નહીં તો હા મરવું,

કોઇ ડરૂં નહીં, ચિંત ધરૂં નહીં, ધીર હરૂં નહીં,
હું છું નિરાધાર દીન દયાળુ સ્હાય કરો મહારાજ- અરે.

પોરસ- ૧૧

ચિત્ત ચમકે આજરે (૨.)

ચપલ ચકિત આ હૃદય થયું છે, નથી ખમાતું લઇ લજ્જ રાજ
તનથી, મનથી, ધનથી, કરૂં કરૂં જઇ કાજ. ચિત.
ખુશી થયો હવે કીનો આભારી, મળી મને આજે પ્રિતી પ્રસાદે,
જગમાં, નભમાં, સભમાં, મહા આજ વધારી લાજ. ચિત-

રૈયત— ૧૨

સુણોરે રાજા આવ્યો સિકંદર શાહ. (૨)
સૈન્ય છે ભારીરે, અતિ દુઃખ કારીરે; ઊંડે છે મનમાં દાહ. સુ.
પો-પાપીને મારૂંરે, તમને ઉગારૂંરે;
રૈયત-હે રાય તને છે વાહ- સુણોરે

વિજયા— ૧૩

મારી કર્મ તણી આ કહાણીરે, કોની આગળ કહું.
ગયા તજીને મુજને, મમ હૈયાના હાર;
અપરાધ મારો શું હતો, કૃપા કરીને કૃપાળ,
પ્રણુંગના વિસારી તમે સુખ મય થાઓ- મારી
ભાગે પ્રિત કરી પિયુ મુકી રડતી આધાર;
વિરહ લાય થકી અતિ, વ્યાપે મુજને ઝાળ.
આભારી કરી છે મુજને પ્રભુ આપે સ્વીકારીને. મારી.

રૂખશી— ૧૪

મારા ધણીને પરહરી મોત આણજે;

મોત આલજો, હાયે મોત આલજો. મારા.
દાડી દાડી એ મુઓ દખ દીએસે;
હારૂ માંણુહ કોઈ લેઇ જજો. મારા.
બાછ્યા આયોસે આપણા દેહમેં;
એની હાયે જઈને કરહું મજો. મારા.

સિપાઇઓ ૧૫

દેખોને આવાત એ ખુદ પરીઆં.
બ્યાં આવત હે, ડર નહીં ખાવત. પતલીકમરકી પરીઆરે. દેખોને.
કયા ખુદરત હય, ખુદા તુમેરી;
મીઠી ગુલાબકી કલીઆંરે. બ્યાં આવત.
તગદીર ખુલાયા, માસુક મીલી;
અલ્લા રહેમાન તો ફલીયારે. બ્યાં આવત.

રૂખલી. ૧૬

હાલો હાલોને હાં. (૨) એમ કરો સો વાર બળીરે.
આડી અવળી વાત મુથીને, લૈ જાવ મને હંગાથ.
ઘરનો પીટયો જો આવહેતો, વડહે આપણી હાથ. હાલો
કછુ દીલ નહીં ડરના પ્યારી, ફૂયા લેવે તુજ નામ.
ઈસ તેરસેં કાટ કાટ કે લઈ લઉં ઇરકા જાન.
નથી જાન જુદો રે હો પ્યારી દીલબર.
હુવા કયા આ મીલકર, કયા હુવા આ દુઃખભર-નથી.

ચંદ્રગુપ્ત— ૧૭

સમઝાવી શાહ. ઝટ ઝટ ઝટા ઝટ.

આઠે ઠઠ ખટ ખટ ખટ ખટ.
શઠનું આજ, પરાનું રાજ, શાંત કરૂં મુજ મનની દાઝ.
વિચારી, આચારી, લલકારી, વિસારી, મુકું ન એને આજ.

પોરસ— ૧૮

રે ઝટ ચાલો આણી ધાર.
રાજા તમે સંભાળોરે, શત્રુના સૈન્યને મારોરે;
નહીં વાર તમે કોઇ કરતા, મન માંહે કાંઇ ન ડરતા.
સામો શત્રુ શાહ શિકંદર મારો એને વીર;
મારો વીર ધરી ધીર, કાપો શીર. રે ઝટ.
આ ઘોર અંધારી રાતે, લડવું છે મારે જાતે.
વહેલાં વહેલાં મારો આજે યવનોને તીર;
મારો તીર, ધરી ધીર, કાપો શીર. રે ઝટ.

પોરસ— ૧૯

દુઃખ અપાર હું કોને કહું, રાજ્ય ગયું હું ક્યાં જઇને રહું દુઃખ.
એકલી જાતે હું સાવ વિનાનો, લડ્યો ન જોયું મેં સૈન્ય ઘણું દુઃખ.
મરાયો પુત્ર મમ મંગલકારી, તેનો વિયોગ શી રીતે સહું દુ. ખ.

અંક ૨ જો.

શિકંદર— ૨૦

હારીને, આવીને; નાસીપર રાજા કંઇ દુઃખ તુજ મન મહીં
સુખ મન ધરીને રાય દુઃખ પરહરો;
શોક રાયજી વિયોગ નહીં તમે ધરો. હારીને.

પૌરસ— હું તમારો દાસ ને થાઊં, જીવ ભલે આ જાય
મિત્ર થાઊં હું પ્રિતે તમારો, સોંપીસ મારી કાય.
સિકંદર સદા સુખ હોયે ન કૌ રાણા દીલબર.
છે મન મારૂં દુઃખભર, તનછે મારૂં દુઃખભર.—સદા.

સિકંદર— ૨૧

વચન વદનથી કહેછે મુજને, લાગે અતિ એ દુઃખકારી.
માથે, હાથે, જાતે, સંકટ શીદ લેછે ભારી. વચન.

ચંદ્રગુપ્ત—પરમ કૃપાળુ તમ આધારે, અચળ કરૂં કીર્તિઆ.
સિકંદર—અરેહા, મુરખા, છટજા, ખસ ઝટ અહીંથી આવારી. વચન

પૌરસ— ૨૨

જા જલદી અહીંથી પાપી, તને રજા આજથી આપીરે જા.
ચંદ્ર—હું સુખે જાઊંછું આજે, એ રાજ લેવાને કાજેરે હું.
પૌરસ—પાળ્યો નાગને દુધ પાઇને, તો શું સારૂં થાશે.
જાશે એતો નકી કરડશે, ડર કદી નહીં ખાશે. જા.
ચંદ્ર—સાપ નાગને છંછેડયાથી, કોનું સારૂં થાશે.
સંભાળીને રહેજે રાજા; રાજ તારૂં જાશે.

પૌરસ—બસ..........ચુપ..........

ઓજસ્સૌ— ૨૩

લોકોને દુઃખમેં નાખ્યોરે, જુડી નાઢી જાઇ તુરે આં.
મે હોકો દેહ બધોરે, જુડી નાઢી જાઇ તુરે આં.
મુગલાંએ આઇને, કેર કર્યા સે,
બડ બડ લેગ્યા સે ધંન.

વેહ્રા લીધો, દંગો દીધો, દુઃખી કીધો. હાં હાં હાં હાં હાં-હાને

ચંદ્રગુપ્ત— ૨૪

લાગે છે અનંગ અંગ મારામાં.

પરમ દુઃખનો પાર ન આવ્યો, મરમ તેનો કંઇ મુને ન ફાવ્યો.

જીવ રહેલ છે મારો દારામાં. લાગેછે.

શરણુ શરણુ પ્રભુ શરણાગતને, ગજગ્મ થયો તજી પરણાગતને

ઝુરતી હરો તે દુઃખ મારામાં. લાગેછે.

દરબારીઓ— ૨૫

જયકારી, ભયહારી, મુજ વચન ઉરધારી.

સુખકારી, અતિભારી, આવારી, આભારી, હાં, હાં, જય.

અમ સેવક પર કરી કૃપાને લગામ હાથ લઈ રાજની સ્વામી.

કરો આજથી રાજી સહુ જન, વિનતી ઉર ધરીને મારી;

થાએ બલિહારી, દુઃખ હારી. સુખકારી.

વાણી, શાણી, સુજાણી અમારી, દીલ માંહી રાજાજી ધરજો

આજ કહું અતિ આનંદ થકીએ, હર્ષ થાયછે અતિ ભારી.

ગુણકારી, દયો ધારી, આવારી. સુખકારી.

ચંદ્રગુપ્ત— ૨૬

નહીં ડરો, તરૂણી ધરો, સુખ મન માંહે.

હો ચંપક વરણી ચતુરા તું આનંદે રહે આંહે. નહીં.

મને બાગ માંહે તેં બાણુ પ્રેમનું માર્યું.

મુજ હૃદય તુજથી કદી ન થાશે ન્યારૂં.

વિ—જો એમ હોયતો વિંટી બતાવો ક્યાંહે. હો.

છબી આપ તણી છે ખરે એહના જેવી.
પણ મુદ્રિકા વિણ વરૂં પાપી હું કેવી.
એ આપ બતાવો લાવો હોય તે જ્યાંહે હો.

ચંદ્રગુપ્ત ૨૭

સુણરે નારી, તુંતો નઠારી, જાતું મારા રાજની બહાર.
આપી વિંટી તે ખોવાઈ ગઈછે માગે છે શું વારવાર.
તારો પ્રેમ બાગ ગઈ જોઈ, વિંટી આપી હાથ.
પ્રિતરૂપ પ્યાલો કરમાં લઈને, ભરતી સારી બાથ.
એવો અન્યા જોઈને, મારો કોપ્યો તારો તાત. સુણરે.

વિજયા— ૨૮

અતિ આવારી દુઃખીયારી બનીછું હે પ્રિતમ મારા રાજ
પતિ વિનાની એકલી, પામું દુઃખ અપાર.
કેમ જાશે મારા દિન આ, વિરહે બળું આવાર.
ખૂવારી કરી મારી પિયુ આજ. અતિ આવારી.
સહાય કરો મુજને પ્રભુ, દુઃખી છે તમ બાળ.
તન મન ધન સૌ એમને, આપે દુઃખ અપાર.
ખૂવારી કરી મારી પિયુ આજ. અતિ આવારી.

ચંપાવતિ— ૨૯

છાની છાની તું બેની મારી હો, તને મૂરછા તે શાને આવી
છેક બની છે આમશું ઘેલી, મારા સમજો ઊઠ તું વહેલી.
બેની પરણી કે છે તું કુંવારી હો. તને.
પ્રેમને પાસે પડતી દેખાયે, શોક સમુદ્રમાં ડુબીરે જાયે.
આશ તું તો સાથ હવે મારી હો- તને.

સૂરસેનરાજ— ૩૦

મૂને વિરહ વન્હિ જુલાવે છે બાન.
એ નારીને વશ થયો મારોજ પ્રાણ મૂને.
ધારી, શારી, નારી, પ્યારી, ગોરા ગુલાબી ગાલ વિચારી.
લગની લગાવી લાવું કરૂ મુજ જાન. મૂને.
અજબ કૃતિ ઇશ્વરની જાણું, એ લલના સુ મોજ હું માણું.
જગદાધાર, થાય આવાર, એવી નાર, રાખે પ્યાર-
ક્યારે થાઉં એનો પ્રાણ, પ્યારા કહી આવે જાન.
પ્રિય વચન ઉચરતી સારૂં, લાગે મૂજને એ અતિ પ્યારૂં.
સુંદર પહેરે એ અભિધાન, રાખી માન. મૂને.

સુશીલા— ૩૧

સૂણોનેરે પિયુ મારા (૨) સૂણોનેરે
પ્રિતમ પ્યારા પાય પડીને, વિનવે તમને આ દારા. સૂણોને.
ચંચલ ચિત્ત ચલિત થયુ છે, ગજબ કરો શું સ્વામીઆ—
આનંદે મુજ સાથ રહીને, સુખી કરો તમ પ્યારીઆ—

વિજયા— ૩૨

નયન ભર્યું નીરેરે બહુ દુઃખ થાયરે— નયન
તનની માંહે લાય લાગી, ઓલવી નહીં ઓલાયરે. નયન.
ઘેલી મુને બનાવી પ્યારે, હાં ઉપવનની માંયરે. નયન.
વિરહ મૂજ લુંટાઇ ગયોને, વિયોગી થઇ હું આયરે. નયન.
દીન દાસીપર કરી કૃપાને, પ્રભુજી કરજો સાયરે, નયન.

સદ્‌ગુણ— ૩૩

તુજ દર્શનથી હે પ્રિય મારી, આજ થયો હું આભારી.

હું મગ પ્યારી મુજને મળીને, શાન્ત કરી કાય માગી. તુજ.
ચંપક વરણી તુજ મૂખા જોઇ, હર્ષિત થયો હું આવારી. તુજ
ચિત્ત થયું છે ઘેલું અમારૂં, રૂપ તારૂં જોઇ ધાકારી તુજ.

વિજયા— ૩૪

હાય દુઃખીયણ હું પતિના વિના
મનહર, સુખકર પતિની આશા, હાલ મારે રહી નહીં. હાય.
તનપર, દુઃખકર દિન આ આવ્યો, આશ આપુ હવે સહી હાય.
વિનતી આ અવિનાશી, કરે તગ, દીન દાસી, પ્રિત પ્યાસી.
સુખ રાશી, મુજપતિ આપજો સહી. હાય.

વિજયા— ૩૫

થાઊં હું પ્યારે ઘેલી.
ધ્રુવરાજ—વાહ વાહરે અલબેલી.
વિજયા—ફુલી હું વનની વેલી.
ધ્રુવરાજ—આવ પાસ વેલી વહેલી.
રંગીલી, રસીલી, છબીલી, સજીલી;
આવુંછું મમતા મેલી. થાઊં
વિજયા—રંગીલા, રસીલા, છબીલા, છોગાળા;
આજે આનંદની હેલી. થાઊં.

સેટ્યુકસ— ૩૬

જા રાજાને લાવ તુ આંહીરી જા.
ઝટ પટ ઝટ સમજાવીરી જા.
છક બંનેના રાજ્ય તણીતો, જોડાઇ ગઇ છે નથી જણાતીરી—

મેઘા-હુકમ આપનો શિર ચઢાવી, જલ્દી રાયને લાવું આંહીરી-

ચંદ્રગુપ્ત— ૩૭

કયારે મળું મુજ પ્યારીને.
રાય મોટા હું ભારતવાસી, મહેર કરી મુજપર અવિનાશી.
મેળવ વિજયા નારીને. ક્યારે.
તિવ્ર ગુંજારથકી ગજ ગામા, ઘાયલ કરી ગઇ મુજ મન સ્વામા.
દુઃખી થયો હું વિચારીને ક્યારે.

મેઘાસ્થનેસ— ૩૮

પરમ ધરમવાળા, રાયજી હું કહુંછું.
અધિક તમ તણીઆ, જે ક્ળાને ચહુંછું.
તરત હરષ ધારી, ને કૃપાળુ તમોને.
ગમન અમ તણું આ, જે થયું તેડવાને.

ચંદ્રગુપ્ત— ૩૯

આનંદે આવારી, જાઊં વેગે હું સેલ્યુકસ પાસે.
ડરૂં નહીં મન કાંઇ, બીકણુ બાયલા એનાથી ત્રાસે.

અંક ૩ જો.

ચંદ્રગુપ્ત— ૪૦

ખોટું કીધુ રાજાએ, અપમાન મારૂં કેમ થાયે.
ના માન દીધુ મન કાંયે, અરે શું બહુછું,
લાગે છે મુજને લાય, બળેછે હાય, મારા મન માંહે—ખોટું.

સેલ્યુકસ—સરદારો ઉઠો તમે, લાવો એને આંય;
આપુ આસન પ્રિતથી રાજી થઇ મન માંય.

મન માંય, હર્ષ બહુ થાય, પાછો નવ જાય—અરેશું

સિપાઇઓ—શાન્ત થઇને સયજી, બેસો આપ આ ઠાર.

ક્રોધ તજી અમ રાયશું, વાત કરો આવાર.

આવાર, કરોજી વિચાર, ધરી મન પ્યાર,—અરેશું.

વિજયા— ૪૧

હાય હાય અભાગણી હું કેવી.

અરે હાય, ના રેવાય, લાગે લાય, હદે માંય;

ના બોલવાયરે—હાય.

એહ રૂપ જોઈ હરી, ભાન રહ્યું નહીં જરી;

ન મળે તો જાઉં મરી, સુખ કારણુ, વર ધારણુ,

દીન તારણુ, કર જોડી નમે આ કિંકરી. હાય.

વિજયા— ૪૨

જય જય જય જય, જય જગ. દંબારે.

આવી છે કિંકરી માતુ તારી પાસે રમવારે. જય.

દુઃખ દધિ ઉખેડી નાખી, સુખનું માજી સ્થાન આપી.

સીયલ રાચવજે તું માહરૂં અખંડારે. જય.

કુંવરાજ—આવો શાણી શિયલ હું સાચવું તમારૂં રે.

વિજયા—ફટ ફટ મૂરખા તું બોલે છે શું આવુંરે.

વિજયા— ૪૩

અડોના અડોના તમેતો આવારી.

કુંવરાજ—આવને આંહે તું.

વિજયા- જા જા હઠીલા તું.

કુંવરાજ—સાંભરે છે પલક પલક વિસરે ન લગારી. અડો.

વિજયા—દુઃખી પ્યારી,
ધ્રુવરાજ—પ્રિય મારી,
વિજયા—દુરાચારી, મતિતારી.
ધ્રુવરાજ—ચાલને પ્યારી તું.
વિજયા—આપુંછું તુને હું.

આંહી તારૂ ગરણુ ઝરણુ થાશે હે દુરાચારો— આ૦.

વિજયા—વિંટી વિના તો પ્યારા નહીંરે વરવાની છુ.
ચંદ્રગુપ્ત—વાહરે કામણ ગારી વદે છે આમશું.

નકામું આવું આજે,

વિજયા—સુણીને દીલ દાઝે;
ચંદ્રગૂપ્ત—આવુ તે શાને કાજે,
વિજયા—શાણાને નવ છાજે.
ચંદ્રગૂપ્ત—મારૂ માનીને ચાલ પ્યારી મુજ આવાસ તું— વિંટી

ખોવાઇ ગએલ પ્યારી, મળે ન પ્રિય મારી;

વિજયા—એના વિના આવારી, થાયે દુઃખજ ભારી.
ચંદ્રગૂપ્ત—હુતો હૃદય દિપક તારો ચંદ્ર ગુપ્તજ છું— વિંટી
ચંદ્રગૂપ્ત— ૪૫

હવે શાને હુ રોકાઉં ઝટ મેળવું હું પ્યારી.
જઇ આપુ વિંટી જેની માંય મણી, ઝટ ચિંતા ઉતારૂ.
એ નાર તણી, જાઉં વેગે હુ રાજ સભાય ભણી.
ધન્ય ધન્ય પ્રિયા તને તંતો ખરી હ્રદવાળી. હવે.

ચંદ્રગુપ્ત— ૪૬

કરો ક્ષમા (૨) મને આતારે, દીન દાસ એ ઉરમાં ધારે.

માર્યો મેં પુત્ર તમારો, ઉપકાર સાટે અપકારો.
કર્યો મે અપાર, ડર્યો ન લગાર, અરે આવાર, મને કો કાજે—દીન
કરો શિક્ષા મુજને આજે, જેવી રાજનિતીને છાજે.
બહુ દુઃખ થાય, જીવ મુજ જાય, લાગે છે લાય, તનને બાળે—દીન

ચંદ્રસૂર્ત-વિજયા— ૪૭

ભલે આવ્યા પ્રભુ શ્યામ સુંદર, મુજ અંતરના બેલી.
મને આજે કરી તમે કૃપાળુ પતિ અતિ ઘણી ઘેલી. ભલે.
હર્ષે હસાવે, કામ સતાવે, સુંદર વર સુખધામ.
પ્રિય મારી, બલિહારી, આનંદે હું ફાલું ફુલું ફુપવનની વેલી ભલે.
પ્રિય રસીલી, પ્રેમની વેલી, પજવે પ્રિતે પૂર કામ.
ચાલો પ્યારી, છું આભારી, વિરહીણી વામા મેં તુજને એકલડી મેલી.
ભલે.
પ્રેમની ગીરા, પ્રિય અધિરા, છોડો ન મનની હામ.
અમિ ધારી, કરો બારી, ચુમ્મી કરવા ચિત્ત ચમકે મમ આનંદ
ની હેલી. ભલે.

પૈરસ— ૪૮

આ જન્મજ મારો વૃથા ગુમાયો.
વૃથા ગુમાયો પ્યારી વૃથા ગુમાયો.
નિતીમય બાળક યુદ્ધમાં મરાયો. આ.
ચંદ્રાવતિ—આનંદ ધરતાં ઉરમાં, દેખી એકજ બાળ.
લખ્યા લેખ લલાટમાં ટળે નહીં કો કાળ.
પૈરસ—કુળનો કલંકિત કુકર્મે કપાયો. આ.

રાજપાટ મને હવે, નથી લાગતુ યોગ્ય.
ચંદ્રગુપ્તને સાંપીને, મારે ધરવો જોગ.

ચંદ્રગુપ્ત—નહીં રાજ જોઇએ મારે સ્વામ,
બાપુ અઘટિત કહોશું આમ.

પેરસ—શોક અનંગળ મુજ શિર આપો. આ.

ચંદ્રગુપ્ત— ૪૯

શીઘ્ર સુખની આવી આવાર.
આનંદ અપાર. દિલદાર, મળી નાર,
સુધારસને પાનારી, તુ છે મારી પ્રાણ પ્યારી.
તારો છું આભારી ભારી, આનંદે હાલ્યો આવારી.
આવી આવી આજે મારો, રાજમંડપ સોભાવ્યો.
જગદ્આધાર મુજ સંસાર, માં આવાર, સુખ અપાર-સીમા

મેઘાસ્થનેસ— ૫૦

રાય વન્દું આજ બન્ને હાથ જોડી તમનેરે.
યશ તમારો ગાય પરીઓ રહીને ગગનેરે. રાય.
તમ કિર્તીથી આવારી, રાજી થઇ રાજ કુમારી. એ શોક કરે
છે ભારી; એવું જાણી રાયજીએ મોકલ્યો છે મનેરે. રાય
મારે એ રાય સુ વરવું, એ સુ અવરામૃત કરવું, ના કહેતો મારે
મરવું; માટે ત્યાં પધારો જાણી આ સમયનેરે. રાય.

ચંદ્ર—ચાલો હું આવું સંગે, સહુ ચાલોને ઉછરંગે.

મેઘા—દઉં વધામણી ઉમંગે, આનંદ અપાર ઉર વ્યાપે મુજનેરે. રાય.

વિજયા— ૫૧

રજા આપું પ્રિતે બાલા-રંગીલારે.

તમ વિણુ સ્વામી, અંતર વામી,
દુઃખી છે આ દારારે. સખ.
હરખે ઘેલી સુંદરી, બેટા બીડી બાથ.
જયા કુમારી લેઇને, વહેલા વળજો નાથ. સખ.
દુખીછે આ પ્રેમદા, આપ વિયોગે સ્વામ.
ત્વરા કરોને આટલી, જાઓછો શું આમ. સખ.

ઓ મંડળ— ૫૨

લીલી લીલી લીલુડી, લટકણુ બંધલારે.
લીલાં જડીત પલાંણે મોતીશાં રતને જડયાં.
સામા સામી ઓરડા, લટકણુ બંધલારે.
બારણે તુળશીના ક્યારા, મોતીશાં રતને જડયાં.
બેઠાં જયા રઢીયાળાં, લટકણુ બંધલારે.
ચંદ્રગુપ્ત શોભેછે સામા, મોતીશાં રતને જડયાં.

૫૩

સણુગારે સુંદરી, ઘુંઘટ ગુજરી નિરમળ નહીંરે જગોમણી.
બારણે તેનિસર્યાંનખત્રટીઆનીદીકરી સીનાકે રાય આનોઆવીઆ
તહીંતો સીમાડીઆનાં દાપાં ચુકવજો, વળતી લાકડીને પરણુ-
જો- સણુગારે સુંદરી-
બારણે તે નિસર્યાં લખવાટીયાની બેટડી સરોવર રાય આતો
આવીઆ તહીંતો ધોબીનાં દાપાં ચુકવજો, વેળતી લાડકડીને
પરણુજો. સણુગારે-
બારણે તે નિસર્યાં લખવાડીયાની દીકરી શહેરમાં રાય આતો

આવીયા તહીંતો સર્વેનાં હાપાં ચુકવજો, જળતી લાકડીને જ-
રણુજો. સણુગારે-

જયા-લટકતા, છટકતા, પ્રિતમજીરી;
છો આ મનમાં પ્રભુ, પ્યારા તનમાં પ્રભુ. પ્યારા મનમાં.
સરોજ સમ આ મુખજ ભાળું,
સિંહ છટા ચાલ છે તમ વિભુરી. છો આ
અધરામૃત મને પ્રિતે કરાવો,
આ અનૂપ મૂખથી તમ વિભુરી. છો આ.
કામાનલ મારો શાંત કરીને,
વ્યથા મારી દૂર કરો હે વિભુરી. છો આ.

ચંદ્રગુપ્ત ૫૫.

મન હરણી, સુખ કરણી, દુઃખ હરણી;
જોઇ ખુશી થયો છું પ્યારી. મન.
જયા-તમ તરસી, દીલ ઝુરતી, શોક કરતી;
આજ બની અતિ આભારી. મન.
ચંદ્રગુપ્ત-કંચન કાય કદી હશે, અનિત્ય જાણો તેહ.
રાય રંક સાહુકારની, અનુદિન રહેન દેહ. મન.
જયા-પ્રજા પ્રાણ વલ્લભ કહે, જેના સર્વ સુખ થાય.
માટે પુનિત રહો તમે, તોપણ અંધ અંજાય. મન.

સિપાઇઓ ૫૬

આહા કેવી સુંદર નાર, શોભા આપે છે અપાર
ગુણવંતી એ દીસે છે બહુ ઘેલીને મદ માતી.
ધીમે ધીમે એ અહીં આવતાં અતિ અતિ શરમાતી.

અહાહા-ઓહોહો-હીહીહી- આહા.
મારો એને લઇને ચાલો મઝા અતિશે પડશે.
ધણી એનો જો આવશે તો, આપણી સાથે લડશે.
અહાહા-ઓહોહો-હીહીહો- આહા.

સિપાઈઓ- ૫૭

૧-પ્યારી હું જાઉછું તમપર વારી.
૨-ચુપરે હે લુચ્ચા તું મૂકને લવારી.
૩-તારા બાપની એ ન હોય નારી. પ્યારી.

રૂખલી-હાંને હારૂ તમે વઢોસો, મારા હમસે હાંને રડોસો.
નઇ હારૂ, વચારૂ, તમારૂં,
વિહારૂ નઇઓ તમને લગારી— પ્યારી.

વારાંગનાઓ— ૫૮

રસિકતાશી તારી.(૨) ભારત પતિભારીરી. રસિ
બંને બાજુ જયાને વિજયા, શોભે અતિ ગુણકારીરી- રસિ.
ભાગ્ય થકી પામ્યાછો આ જગમાં, અલભ્યફળ સુખકારીરી. રસિ.
પૂર્ણોદય આજ થયો છે આપનો, યશ વર્ધન મળી નારીરી. રસિ

૫૯

ચંદ્રગુપ્ત-વિજયા-જયા-
ત્રિવિધ તાપ ટળ્યા ત્રિપુરારી.

ચંદ્રગુપ્ત-મેળવી જયને વિજયા નારી.
પ્રાણથી પ્યારી.

વિજયા-અમપર ભારી.

ચંદ્રગુપ્ત-પણ ઉપકારી.

જયા-કરી સુખીયારી.

સહાય કરી તમ પ્રિતેથી મારી. ત્રિવિધ.

ચંદ્રગુપ્ત–વિધુ મુખી.

જયા–કીધી સુખી.

ચંદ્રગુપ્ત–દીઓ ચુમ્મી.

વિજયા–લીઓ જલ્દી.

ચંદ્રગુપ્ત–આનંદ ભારી.

વિજયા–થયો આભારી.

ચંદ્રગુપ્ત–પ્રિતિની પ્યાસી.

જયા–છે દીન દાસી. ત્રિવિધ.

સર્વપાત્રો– ૧૦

શિવકર, સુખકર, દુઃખહર, જગપર–મં-ગ-લ-દિ-ન છે-આ-જ-

મનન કરીને મનમાં ધરીલે, નાટકીનાં દુઃખ હરીલે.

ગરૂડ ગામી, વિભુ વિસરામી, થાઓ સાથે અંતરયામી.

નભ નગનો છે તું આધાર, ભાનુ ઈન્દુ ભૂતનો ભૂપ સાર. શીવ.

ભારતી તું ભૂજ થાયજે, ઇચ્છા પુરજે મન તણી,

ઈશ પાપ સૌ નિવારજે, વિઘ્ન હરજે નરહરી. મનન.

પરિગ્રહ કૃપાળુ બનીને, ટેક રાખી આપો લક્ષ્મી.

દુઃખ દૂર થાએ સૌજનનાં, પાપ કાપી રાખી કિર્તિ–શીવ.

સારૂં ખોટું જગતમાં, માને મૂરખ જેહ.

બુદ્ધિમાનતો સમજશે, સઘળું સરખું તેહ.

ગમન કર્યું જેણે એકજ વાતે, છોડે તો પછી ખતાજ ખાતે.

અંતરયામી પ્રભુ બહુ નામી, નહીં વિસારો જગ સ્વામી.

હરીદુઃખ, ધરીસુખ, ભુલચુક સનમુખ, સુધારો–હે શિ-ર-તા-જ-

શીવ.

જાહેર ખબર.

આ પુસ્તક જેઓને ખરીદવાની ઇચ્છા હોય તેઓએ અમારા તરફ લખી જણાવવું. સામટી લેનારને કમીશન આપવામાં આવશે. પોસ્ટેજ ખરીદનારને શીર સમજવું.

આ પુસ્તકના પુર્ણુપયોગી સજ્જનોને વિનતી કરવાની કે જેઓને આ પુસ્તકનો હક લેવાની ગરજ હોય તેઓએ તે બાબત અમારા તરફ લખી જણાવવું.

મ. ના. પટેલ.

ગ્રંથ કર્તા.